ત્રિપૂરેશ્વરી સ્તવન

બનાવનાર,

ઝવેરીલાલ સંપતરામ મેહેતા.

સુરત.

'ઐ।દાંઅક્ષ'' પ્રેસમા એમ. જે પોશાલાએ છાપી

સને ૧૮૯૩

૧૩૮૫

સુચના.

સર્વે સદ ગૃહસ્થોને સુચના દાખલ લખી જણાવું છું કે આ પોથી મેં મારી અલ્પ બુધીએ પણ ફક્ત શ્રી અંબાની મદદથી રચીને ટુંક મુદતમા તૈયાર કરી છે તેમા થએલી ભુલ ચુક સુધારી તે વાચશો એમ આશા છે દુનીઆમા કહે-નારા ઘણા અને કરનારા થોડા મળે છે વાસ્તે લખવાની જરૂર પડી છે આ શીવાય મારી તરફથી એક સંસ્કૃત પોથી ભગવતી સ્તવનની જેના અંદર યજુર્વેદની ત્રીકાળ સંધ્યા ટા. લઘુ અમશતી તા કુંજીકાસ્તોત્ર વીગેરે વીગેરે ટીકા સહીત મેળવી તઈઆર કરેલું છે તે દેવી ભક્તોને તા બ્રાહ્મણ ગ્રહસ્થોને રાખવા લાયક છે ને તે ઘણું શોર્ટ સાઈઝમા થયેલું છે કે જેથી ગજવામા રહેવાને હરકત ન પડે તેવું છે તેની કીમત પણ ઘણીજ થોડી રાખવામા આવી છે કારણકે ગરીબ અને ગ્રહસ્થ સરખો લાભ લઈ શકે કીમત ફક્ત રૂ.-૪-૦ કંપની બહારગામ વાલાને પોષ્ટેજ આનો અરધો પડશે રોકડે પઈસેથી મગાવી લેવી તથા વેલ્યુ પેબલથી મોકલવામા પણ આવશે દસ નકલ સામટી મંગાવનારને એક નકલ પ્રેઝન્ટ આપવામા આવશે.

લી૦ ઝવેરીલાલ મંછતરામ મહેતા

નરસોઈજીની પોળ - વડોદરા

त्रीपुरेश्वरी स्तवन.

શ્રીગણે શામ્બિકાયનમઃ

ગીરીજા સુત છો ગુણનિધી વક્રતુન્ડ ગણદેવ,
શીશ નમાવી હું વદુ, કાર્ય કરો તતખેવ

વિનતી ધરજો ધ્યાન—એ રાહ.

કરા મેહેર મા'ય, દયાળુ દેવા, કરો સેવકને સહાય,
વગાડ્યા વ્યાપે માતા મુજને, જેથી નવ અટકાય—દયાળુ.
ગાતાં ગુણ ના મુખથી તારા, હમેશાં ગહ્વમાવ—દયાળુ.
સુણ, મની . હું બાળક તારો, નમુ છુ ચરણની માહ્ય—દયાળુ.
પાપી તો જાણીને કૃપા કરીને, લેજે ચરણની માહ્ય—દયાળુ.
દાસ તણાં દુખ હરવા કાજે, સેવક સામુ ભાળ—દયાળુ.
અધમ ઓધારણ આળસ તજીને, કુર કુટ બેરી આવ્ય-દયાળુ.
કરજોડીને કરૂ વીનતી, દે બુધી ચથ ...માય—દયાળુ.
ભવસાગર તરવાને કાજે, દેજે સબળ અપાર—દયાળુ.
દાસ ઝવેરીની વીનતી સુણીને, અમી દ્રષ્ટી કરજે માય—દયાળુ.

ફુલકફાર ગદી ખાના હુચે—એ રાહ

જગતના છો તમે માતા, કરો દાસને સુખ શાતા,
કીધા ઝાઝા ભગોના કામ, વગર બુદ્ધીએ ખાર હામ.
અલ્પ જ્ઞાની ... નથી લગાર,

તોપણ કામ સ્વીકાર્યું મે, તુજ કૃપાથી આધાર,
તેપર રાખજો દેવી ખ્યાલ, નમે આ દાસ ઝવેરલાલ

સીંધુ મધે કમળ માંહે બ્રહ્મ દેવ પ્રગટયા છે જ્યાંય
નાહીને તનયામા સરસ્વતી આ વેળા કરજે તું સ્હાય
હીનમતી હરનાર માતા તું, વાણી શુધ કરનારી નામ
વચનામૃત સદ્બુદ્ધિ કેરી, દાતા તું છે અમે માંય
ઝવેરલાલ નમી ચર્ણે તીહ રે, વિનતી કરેછે વારવાર
કાવ્ય કળા કરવાની શક્તિ દેજે મુજને તું આ વાર

મરાઠી ચાલની સાખી.

જય જય જય જગ જનુની મૈયા, આરાસુરની રાણી
શીશ નમાવી તમ ચર્ણે હું-દાસ વદુ કલ્યાણી
તારક તું દેવી વીનવું તુને જુગલ પાણી
મહિષાસુરને રોળી નાખ્યો, આયુધ ધરી કરમાંજ,
ચંડ મુન્ડને મારી ફ્રોધી, દેવ સકલની સાહે હે જગદંબા
ફેર ફેર મમપર ક્ષમા.

ગરવર શુભ મતિ આપો રે—એ રાહ

અંબે મા દરશણ આપો રે, આપો રે,
બહુચર મા દુખડા કાપોરે, કાપોરે. અંબે મા૦
નિત નિત તમ હું ધ્યાન ધરૂં, દાસ તણો દાસ થાપોરે—અંબેમા૦

પ્રણુમુરે પ્રણુમુરે હું અંબા તું,
ઓ દયાળુ કર સાહે મુનેરે હા મૈયા તું
મુજ મનની ઉમેદ છે પુજવા પારોરે,
વિનતી કરે દીન સેવક તારોરે,
કર ગ્રહિને અંબા મુને તારા પ્રણુમુરે

આઇ દરશનુ દોની દયાળ ત્રિપુરા મ માયા
નમે નાગરન ઉતમ બાળ શકાદી રાયા
પુજુ અંબાની પાવડીરે સેવુ સનખન પુરી માતરે
મેહર કરો મુજ માવડીરે, મુસ્તક મુકોની હાથ--ત્રીપુરા
જ્ઞાન માન શુરે સમઝુ નહીરે, નથી તેનું કાઇ કામરે
ભજનાનંદ માહે રહીને, રટવુ નિત્ય તમ નામ–ત્રીપુરા
શક્તિ વિના સીધી નથીરે, અન્ય એક પ્રકારરે
નિર વલોવી જુઓ મથાને, માખણ નાવે લગાર—ત્રીપુરા
અમર ઇંદ્ર જોગીંદ્ર મુનીંદ્ર, રટણુ કરે દીનરાતરે,
જુજ તોણુ અન્ય નહી અવનીમા. ધન્ય ધન્ય મોરી માત -ત્રીપુરા,
તું ભવતારણુ અધમ ઓધારણુ, કર મુજ શીરપર થાપોરે,
દિન સેવક સૌ નમે તમ ચર્ણે, અપની ભક્તિ આપો—ત્રીપુરા
નાવે આફત આપદારે, પુનર જન્મ કે મર્ણરે
ઝવેરલાલ કહે રહેવુ સદા બાળા. બહુચરીને શર્ણ—ત્રીપુરા

રાગ મહાડ

જય ત્રિશુલાધારી પરમ કૃપાળી, ભોળી ભવાની માત
ઝુમ્બુ પાવાવાળી રે મહાકાળીબહુચર બાળી —ભોળીભવાની માત

પારે તારે આવીને રે લળી લળી લાગુ પાય,
કૃપા કરો મુજ માવડી તો, દોષ તે દુરજ થાયરે
જય અધમ ઓધારણી દુઃખ નિવારની, શત્રુ સંહારણી—ભાળ૰
આરાસુરી અલબેલી અંબા છબીલી મોરી માત
નિરખતા છબી ન્યારી તારી, દીસે અકળ અનંતરે
જય કર શીર ધરની, ઉજ્વલ બગની, ભવ ભય હરણી—બાળ૰
આઈ ઉજ્વલ બરણું અંગ તારૂ, જોતા થાય ઉમંગ,
શ્રાવણ માસમાં રંગ આવે ત્યારે ઊડે ચાચરમાં …ગે,
જય મંગળ કરણી, ઉજ્વલ બરણી, મમ કષ્ટ હરણી—દૈ૰
શક્તિ તારી સર્વમાં માનળી કંઇ હાસો હામ,
વિશ્વામ્ભરી વરદાઈની છો, સુખ તણું નિશ્રામરે,
જય અલબેલી અંબા ઠગ ઠગ લમા, ધન્ય જગદંબા—આરતી૰
નારદનૃત્ય ધરી કર વીણા ગુણ તદા ગાત,
ઝવેરલાલ નમી તમ ચર્ણે તવ ભગતી નિત્ય ચહાતરે
જય સુવાળ રાણી, વેદ વખાણી, દીન દામ …રણી—આરતી૰

ખુશીશે કાટ લે દીલદાર અરફન—એ રાગ.

ચરન તુમ આપોરે હો માતા અંબા,
હો શરણ સુખ પાપારે હો માતા અંબા
અધમ આધારણી આઈ કહાવો
કીરતી જગ છાઈ રે હો માતા અંબા—ચરણ તુમ

આસા ગોડી

લેજે વિનતી સ્વિકારી, અલબેલી મૈયા વિનતી લેજે સ્વિકારી
દયાળુ દેવી લેજે વિનતી સ્વિકારી,
ત્રીગુણાત્મક વ્યાપક સૌ સત્તા તેથી લ્યો મુને ઊગારી—અલબેલી
હરનીશ ઊરમા ચાહુ મા તુજને, માગુ હુ મેહર તમારી- અલબેલી
કલ્પ વૃક્ષ માં કરૂણાકારી, તુહી શૈલ કુમારી અલબેલી
શીશ નમાવી તમ ચરણે હુ કરૂ‌છુ અરજ વારી વારી—અલબેલી
આ વિનતી ઝવેરીની શ્રવણ કરીને,આફ્તે આવજેધારી—અલબેલી

વિનતી ધરજો ધ્યાન

જગત જનુની માતા આધ આરાસુરી જગત જનુની માતા
વિશ્વામ્ભરી વરદાયની છો, સુખ તણા શાતા—આઈ આરાસુરી
કરગ્રહિને મૈયા માહારા પુરો મનની આશા આઈ આરાસુરી
ભુલ્યો માયામા ગુણ ગાવાના, ભુલ્યો ભજવી અવિનાશા—આઈ
ઝવેરી કહે માફ્ી કરશો સાહે, જેથી આ સિંધુ તરાના—આઈ૦

આવો બેની ગીત ગાઇએ પ્રીતેરે

આરાસુરી માત ભોળી ભવાનીરે, દેવી જગત વીષે નથી છાની
મા-કારતગે કરૂણા કીજે રે,
દીનદાસને દરશણ દીજેરે,
દીલ વ્યાકુળે મ મત્ર બીજે—આરાસુરી માત
મા-માર્ગ શીરે ધર ખાવા ધાયેરે
મુજ દેહ હમેશ સુકાયે રે
દખ દાવાનળ કયમ સહવાયેરે—આરાસુરી માત

મા-પોષે પ્રગટી તુજ પ્રીતરે,
તુજ દરશણ ચાહું હું ચીતરે,
માઇઆ નરછોડો નહીરે ખચીત—આરાસુરી મા.
મા-માઘે મન તલસે છે રે,
તુજ દરશણથી દુ:ખ ટળસેરે
આશા રૂપી મહા વન ફળસે—આરાસુરી માત
મા-ફાગણે ફુલી હોલીરે
માતા કરના વિષે રૂડી ચોળીરે
ચુંદડી કેસરમા જેમ બોળી—આરાસુરી માત
મા-ચૈત્રે ચિત ચીતાયે રે
માને મળવાને મન અકળાયેરે
વિરહે પ્રબળ જ્વાળા પ્રગટાયે—આરાસુરી માત
મા વઇશાકે વા વટોળરે,
મુજ જીવ ચડે ચગડોળરે,
દરશણ વિના પડે ચીત ઘોળે—આરાસુરી માતા
મા-જેષ્ટે જનુની જાણીરે,
જેમ જળ વીના તરસે પ્રાણીરે,
નલ સુતમ વિના હુએ એધાણી—આરાસુરી માતા
મા-અષાડે આનંદ આપો રે,
એડો વિશ્વાસે દુખડા કાપોરે,
દાસનો દાસ કરી મુને સ્થાપો—આરાસુરી માતા
શ્રાવણના શુભ દીન આવેરે
તુજ ભગતોને સુખ ઊપજાવેરે
મગ નાગરનો પારે આવે—આરાસુરી માતા

મા-ભાદરવો ભરપુરરે
શગ વળતા થાય દુખ પુરરે,
માન્નહી થાશો સેવકપર કૂર—આરાસુરી માતા
મા-આસોએ અબાયરે
ઘરઘર મંગળ વરતાયરે
ગરબે ફરી સૌ ગુણ તારા ગાયે—આરાસુરી માતા

શોરઠની ગજલ

કર મેહર તું અંબીકા દીન દાસ ગરીબ નિવાજને
શું સત્ય તારૂં વર્ણવું, ભક્તોના કીધા કાજ તે
ભવ સિંધુ મધે બેડો છુ તારો તેમાથી મા મુજને—કર૦
માર્યો મહિષાસુરને રાનમા, માર્યો સુભદૈત્ય વેનાનમા
અંતે પહોંચાડયા સ્વર્ગમા એવી તુ ભોળી માતજે—કર૦
આઈ આવ્યા વિઘ્ન નિવારોને બગડેલા કાર્ય સુધારો
વિનતી ઝવેરીની સુણીને મુકનો બેડો તારોને કર૦

ગોપીચંદ લડકાનો રાગ

અંબીકા માતા સાહે કરોની રે તારા દામની
હુ અપરાધી પામર પ્રાણી, અવ્યો છુ તમ દ્વાર
દયા રાખો સેવક જનપર દીન તણા દાતારરે—અંબીકા૦
શકિત તાહારી સર્વમા મા નહીં કંઈ છાનો માન,
વિશ્વામ્ભરી વરદાયનીછો સુખ તણા વિશ્રામરે—અંબીકા૦
કરૂં વિનતી એટલી જે પુરો મનની આશ,
ઝવેર બાલ દેહે જગત જનુની, જળહળ જોત પ્રકાશરે—અ૦

એક ચતરનાર

દેવી અંબીકા માત, જગ વિષે વિખ્યાત, પુજુ વીધીની સાથ
નમુ જોડી બે હાથ, રાખો ચર્ણની પાસ, આપ શર્ણ તીહારે—દેવી૦

છોડું કામને ક્રોધ, છોડું મદને લોભ, છોડું માયાને જાલ,
નમુ તને ત્રીકાલ, કુડી ફરશું મારી, નવ જોશો એ ગાડી—દેવી૦

હોરી

જય અંબે આરાસુરવાળી, નમુ તને બહુચર બરવાળી
મહા માયા માહેશ્વરી મૈયા, સુરત મંગળ કારી
મહીષાસુરનુ મરદન કીધુ, તુજ બલ ને બલીહારી જય જય
બહુચરબાલી. જય અંબે આરાસુરવાળી
અનુભવ વાણી વેદ વખાણી રાનમતપુરની રાણી,
તુ બ્રહ્માણી તુ રૂદ્રાણી તુથી અવર ન જાણી જય આરાસુર રાણી
અવર ન રાચુ, તુજને જાચુ, અકળાત રૂપ નમારૂ—જય અંબે
સુરીનર મુનીવર મન નવ જાણે શુ ગજુ કે મારૂ, અંબે તુજ નામ કે
કરજોડી હું કરૂણાનીધી, તુજ ચર્ણામૃત ચાખે (જય અંબે૦
તુજ કૃપાથી ચ ાનો રતે, દાસ ઝવેરના રાખે જે કોઇ સ્વાદ ભગિ
ના ચાખે જય અંબે૦

ગરશીયા

માત આજ મારી અરજ યજે તું સ્વિકારી, અરજ લેજે તુ સ્વિકારી
દોષ કોપથી લજે ઉગારી હો, માત૦

આઇ જુવો તે દામના સામુ,
કરજોડીને શીશ હુ નામુ
તમ ચર્ણુની સેવા હુ પામુ — હો માત૦
ચર્ણ સ્પર્શ થવાનુ મન મુજ
ચાકર અતી હોકર મારે તુજ
નત મન રાચે પડે ન કાઇ ગુજ-હો માત૦
દયા નીધી દયા મન આણી,
દીન જાણી નરો મયા પાણી
વદુ વાણી ચુવાગની ગણી હો માત૦
વિધી વેદ ચાર પ્રગણુ કરાવે
વિષ્ણુ વાસળીના નાદથી રીઝાવે
શકરડા કડ મરૂ બજાવે હો માત૦
તારી શોભાનુ વર્ણન નથી થાતુ
અલ્પ બુધીથી મુખે ન કહેવાનુ
અન્ય રૂપમા મા હેત સમાતુ હો માત૦
અકળ કળા તારી ન કળાએ
નીગમતો ઉચ્ચાર નેતી થાયે
મુજથી કેમ કરી ગુણ તુજ ગવાએ હો માત૦
મેતો સાયો અમા તારો છેડો
આવ્યા સકટ માણી ફેડો,
ઝવેરદાસન વારે તમે તેડા હો માત૦
મુ આદય શકિત તુને જોડી હાથ,
હુ કરગરી હુ આરાસુરી માત
છે હુ વશકાદીની હો રાથ
હણુ સમે કરજે મા તુ મુને સહાય

હો ભુદેવ કરીને સેવ

આગધુ અબે માત હુતો બોઝી ભગવતી
તવ કૃપાથી થાય સર્વ સુખ સંપતી,--આદ્યાં
સકલ વિશ્વ સૃજ્યુ એણે રચના ખુબ ચતી,
અમર અાદય સંથી છે, ત્રીભુવન પતી—આગધુ
ઈંદ્રાદી ભજે આધને જોઓ મારૂ સમતી
આધાર વ્યાપક સર્વમા વદે વદને રમુતી—આગધુ
અઘ ઓઘ દલે પળમા રહે રોગ નહી રતી
જીવન મુકત કરે થાઓ શાણી સુભ મતી આગધુ
મા મહેરથી ભિગાર્યા શીઘ્ર થઇ સદ ગતી
દીન ઝવરને શર્ણુ લેજે એટલી વીનતી આદ્યાં


—— ——

ભરથરી અથવા સેદર હુ ખ શું—એ રાહ

જુઓની જગતના સામુ મા જાુનો જસ લેવા
ધર્મ તણુ રક્ષણ કરી દુષ્ટને દંડ દેવા જુઓની
આરાને આ મેમા આરા સુગી બહુચર બનજાણી
ત્રીપુરેશ્વરી તુળજાઞે મા શ્યામા મહાકાળી જુઓ
લક્ષમી લલીતાઞેમા બોળી ભુવનેશ્વરી
હીંગળાજને હર ધીધરે વાનાદી વાઘેશ્વરી જુઓ
બ્રહ્મ પુત્રી બ્રામરીરે મા ભગવતી બ્રમાણી
માતંગીને બગલારે મા રાખલ છે રૂદ્રાણી જુઓની
માર્ડીરે મા મુન્ડા માત છે અનુરાધા અષ્ટ ભુજા
જય દા આનંદા નારાયણી ભગવતી દુર્ગા જુઓની

કુમારીકા ત્યા પની રેહોમા દેવી પરમેશ્વરી
આદય અન્ન પુર્ણાને વિજયા અ દય વિશ્વેશ્વરિ જુઓ
સિદ્ધ હાને ચક્ર બટારે ઊભયા આશા પુરી,
આધ આવીને આપના પારારે દૃતી ભગીની અસુનો જુઓ
સુખ પામે સઊ જનને ધમમા ચાતદરે
ભાવે ભક્તિ તમારીરે ભુતળ સર્વ કરે, જુઓની
એ અર્જ માડી ઊંમા ધરા બારા સુરની હોરાય
વિનતી ઝવેરી સુણીને કૃપાકરજે હામાય જુઓની

ભાવે ભજો ભાઈ બહુવરા આણી અંતરમા ભાવ ભાવે
નિસદીન નામરટણકરોરે રમગેઆ ત્રીપુરા.૪
અ' જન્મ મરણના જોખમની ભીનેતાના કમાઈ ભાવે
યમ ફીકર ભય પુર થશેરે જનુની જસગાઈ
અતમએ સેજો ઊગરીને ઝવેરનો કર સાહી ભાવે
ભુલચુક મુજથી થઈ હશેરે માગુ મારી આવાગ
આ સેથી અહીંથી પુરી કર થાયો સુધારી નિરધાર ભાવે.



વૈદ્યસિંધુ

આ ગ્રંથ પાસે રાખવા લાયક છે. નાના નાજુક કદમા કાગલ સારા પુઠું પાકુ ને જેની અદર અનુભવીક આપધો લખવામા આવ્યા છે વનસ્પતિનો કોસ તથા મારણ સેવન લીધી ગુટીકા ચુર્ણ રસ પાકા ઉકાળા. સ્ત્રી રોગ તથા બદફેલીથી થતા રાગોનો અક્ષીર ઉપાય રતુના રતુન જલાબ વગેરે તમામ ઔષધો ગુજરાતીમા લખ્યા છે એ સંબંધે અગાઉ હેન્ડબીલ કાઢવામા આવ્યા હતા પણ તેના કરતા કીમત ઘણી ઘટાડી છે કીમત અગાઉથી રૂ૧-૦-૦ કંપની ટપાલ ખરચ જુદું. પાછળથી રૂ૧-૪-૦ કંપની ટપાલ ખરચ જુદું આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. દેસી ભાઈઓએ ઉત્તેજન આપવા યોગ્ય ધારૂ છુ.

અમારા તરફથી ઘણા અનુભવી ઔષધો તૈયાર છે.

ધાતુપુષ્ટની ગોળીઓ જેનાથી મુત્રકચ્છ તથા પરમીયો, ધાતુ તવાઈ જવુ ઈત્યાદી રોગ સારૂ કરી પુષ્ટીને આપી એવા છે કીમત ગોળી ચૌદની કીમત રૂ૧-૦-૦ કંપનો ટપાલ ખરચ જુદુ પડશે,

નેત્ર અંજન સુરમો કાળો તથા લીલો તથા લાલ તથા અંજનનુ પાણી

શીશી એકની કીમત રૂ૦-૮-૦ આઠઆના આ ઉપયોગથી વાખત આખનું ગળવું ઝાંખ છારી વીગેરે ઘણા દરદો મટતા થા છે.